# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 18-05-2026 Day : Monday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## કલ્પસર યોજનાને નેધરલેંડની ટેકનીકલ કુશળતાનો લાભ મળશે :

રાજ્યના ડ્રીમ પ્રોજેક્ટ કલ્પસર યોજનાને નેધરલેન્ડ્સની ટેકનિકલ કુશળતા અને નિપુણતાનો લાભ મળશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના પ્રયાસોથી 'કલ્પસર યોજના' ને સાકાર કરવાની દિશામાં નોંધપાત્ર પ્રગતિ થઈ છે. સત્તાવાર યાદીમાં જણાવ્યા અનુસાર પ્રધાનમંત્રીના નેધરલેન્ડ્સ પ્રવાસ દરમિયાન કલ્પસર યોજના માટે ટેકનિકલ સહયોગ અંગેના આશયપત્ર પર હસ્તાક્ષર કરાયા છે. જેનાથી રાજ્યને જળ સંસાધન ક્ષેત્રે નેધરલેન્ડ્સની ટેકનિકલ કુશળતા અને નિપુણતાનો લાભ મળશે. કલ્પસર યોજના રાજ્યની જળ જરૂરિયાતોને પૂર્ણ કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. પ્રધાનમંત્રી મોદીએ નેધરલેન્ડ્સના વિશ્વપ્રસિદ્ધ ડેમ 'અફ્સ્લુઇટડિજ્ક'ની મુલાકાત લીધી હતી.

ઉલ્લેખનીય છે કે, કલ્પસર યોજના ખંભાતના અખાતમાં એક વિશાળ ડેમ બાંધીને સમુદ્રને મળતી સાત નદીઓના જળનો ઉપયોગ કરવાની યોજના છે. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ ખંભાતના અખાત પર મીઠા પાણીનું એક વિશાળ જળાશય બનાવવાનો છે. આ યોજના સાકાર થયા બાદ સૌરાષ્ટ્રના 9 જિલ્લાના 42 તાલુકાઓમાં અંદાજે 10 લાખ હેક્ટર વિસ્તારમાં સિંચાઈનો લાભ મળશે.

**-----------------------------------------------------------------------------------------**

## અમિત શાહ રાજ્યની મુલાકાતે :

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે ગાંધીનગરમાં 700 કરોડ રૂપિયાથી વધુના વિવિધ કાર્યોની ભેટ આપી છે. રાજ્યના બે દિવસના પ્રવાસે આવેલા શ્રી શાહે ગાંધીનગર

મહાનગરપાલિકાના 600 કરોડ રૂપિયાથી વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું. તેમણે દશેલા ખાતે અંદાજે 128 કરોડના ખર્ચે મધુર ડેરીના નવનિર્મિત મિલ્ક પ્રોસેસિંગ પ્લાન્ટનું લોકાર્પણ કર્યું.

આ પ્રસંગે તેમણે પશુપાલકોની આવકમાં 20 ટકા વૃદ્ધિનો લક્ષ્યાંક હાંસલ કરવાની નેમ વ્યક્ત કરી. તેમણે નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઇન ખાતે ઇન્ક્યુબેશન એન્ડ ઇનોવેશન સેન્ટરનું લોકાર્પણ કર્યું.

----------------------------------------------------------------------------------------

## સ્વ ગણતરીનો રાજ્યવ્યાપી પ્રારંભ: જીલ્લા કલેકટર દ્વારા સેલ્ફ ઇન્યુમરેશન માટે અપીલ :

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગઈકાલે ઓનલાઈન માધ્યમથી પોતાની સ્વ-ગણતરી પૂર્ણ કરીને વસતિ ગણતરી 2027ની સ્વ-ગણતરીનો રાજ્યવ્યાપી પ્રારંભ કરાવ્યો. શ્રી પટેલે રાજ્યના લોકોને 31 મે સુધીના નિર્ધારિત 15 દિવસમાં સ્વ-ગણતરી કરીને મહત્વપૂર્ણ રાષ્ટ્રીય કવાયતમાં સક્રિયપણે ભાગ લેવા અનુરોધ કર્યો.

2027ની વસ્તી ગણતરીમાં પ્રથમ વખત શરૂ કરાયેલી સ્વ-ગણતરી પદ્ધતિથી ઓનલાઈન પોર્ટલ અને મોબાઇલથી માહિતી આપી શકાશે.

વસ્તી ગણતરી ૨૦૨૭ની પ્રથમ તબક્કાના ભાગરૂપે જિલ્લાના તમામ નાગરિકોને જાહેર અપીલ કરતા જિલ્લા કલેક્ટર અનિલકુમાર રાણાવસિયાએ જણાવ્યું છે કે, આ પ્રક્રિયામાં દરેક નાગરિકોનો સક્રિય અને સચોટ સહકાર જરૂરી છે.

વસ્તી ગણતરીના પ્રથમ તબક્કામાં મુખ્યત્વે ઘરોની ગણતરી કરવામાં આવશે. જેના ભાગરૂપે ગઈકાલથી, ૩૧ મે સુધી તમામ નાગરિકો માટે ‘સેલ્ફ ઇન્યુમરેશન’ એટલે કે સ્વગણતરી એક વિશેષ સુવિધા ઓનલાઈન ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

----------------------------------------------------------------------------------------

## ‘કલાવિથી-૨૦૨૬’નો પ્રારંભ :

રાજ્ય સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ અંતર્ગત મ્યૂઝિયમ નિયામકશ્રીની કચેરી, ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટીના વિઝ્યુઅલ આર્ટ્સ વિભાગ તેમજ કચ્છ મ્યૂઝિયમ, ભુજના સંયુક્ત ઉપક્રમે કચ્છ મ્યૂઝિયમના એક્ઝિબિશન હોલ ખાતે ત્રિ-દિવસીય કલા, સંસ્કૃતિ અને વારસા ઉત્સવ 'કલાવીથિ ૨૦૨૬' નો પ્રારંભ થયો છે.

ઉદ્ઘાટન સત્રમાં મહાનુભાવો, શિક્ષણવિદો અને કલાપ્રેમીઓ વચ્ચે કલા, સંસ્કૃતિ અને વારસાના સંવર્ધન અંગે ચર્ચા થઈ હતી અને કલાકારોની કૃતિઓ તેમજ તેમની કલાયાત્રા વિશે વિગતવાર સંવાદ કરવામાં આવ્યો હતો.

'3 ડેઝ ઓફ ક્રિએટિવિટી' (3 Days of Creativity) થીમ પર આધારિત આ ઉત્સવમાં આગામી બે દિવસ વિવિધ વિશેષ સત્રો યોજાશે. જે અંતર્ગત આજે 'આંતરરાષ્ટ્રીય મ્યૂઝિયમ દિવસ' નિમિત્તે વિશેષ સત્રનું આયોજન કરવામાં આવ્યું છે. જ્યારે આવતીકાલે લાઈવ પ્રિન્ટમેકિંગ વર્કશોપ અને ડેમોન્સ્ટ્રેશન તથા 'આર્ટ એન્ડ કલ્ચર' વિષય પર એક વિશેષ ટૉક-શૉ યોજાશે.

આ કલા પ્રદર્શન આગામી ૧૯ મે સુધી દરરોજ સવારે ૧૦:૦૦ કલાકથી સાંજના ૬:30 વાગ્યા સુધી કલાપ્રેમીઓ, નાગરિકોની મુલાકાત માટે નિઃશુલ્ક ખુલ્લું રહેશે.

----------------------------------------------------------------------------------------------------

## સરકારી પોલીટેકનિક કોલેજ ભુજને NBAની માન્યતા :

સરકારી પોલીટેકનિક કોલેજ ભુજને NBAની માન્યતા પ્રાપ્ત થતાં જીટીયુ-અમદાવાદ ખાતે શૈક્ષણિક ગુણવત્તા એવોર્ડ-પ્રમાણપત્ર અપાયા હતા. ગુજરાત ટેક્નોલોજિકલ યુનિવર્સિટી-અમદાવાદ ખાતે 19મા સ્થાપના દિવસે શૈક્ષણિક ગુણવત્તા જાળવણી સાથે એબીએની માન્યતા પ્રાપ્ત અભ્યાસક્રમો ધરાવતી સંસ્થાઓનું સન્માન કરવામાં આવ્યું હતું, જેમાં સરકારી પોલીટેકનિક-ભુજને તેના ડિપ્લોમાના તમામ પાંચ અભ્યાસક્રમને 2028 સુધી NBAની માન્યતા પ્રાપ્ત થઈ છે.

---

## હવામાન :

રાજ્યમાં આગામી બે દિવસ દરમિયાન ગરમીમાં આંશિક વધારો થઈ શકે છે. જોકે ત્યારબાદ તાપમાનમાં બે થી ત્રણ ડિગ્રી સેલ્સિયસ જેટલો ઘટાડો થવાની શક્યતા હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. આગામી બે દિવસ દરમિયાન સૌરાષ્ટ્ર, કચ્છ સહિતના દરિયાકાંઠા વિસ્તારમાં ગરમ અને ભેજવાળું વાતાવરણ રહેવાની શક્યતા છે.

---